# ભૂજ એસીબી દ્વારા પાલનપુરના પશુ ચિકિત્સકની ધરપકડ

## વર્ષ ૨૦૧૫ના પૂર ટાણે ૩૨ પશુઓના મરણના ખોટા પ્રમાણપત્ર આપવાના કેસમાં થઇ ધરપકડ

પાલનપુર, તા. ૨૪

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં ભારે વરસાદને પગલે ભારે ખાનાખરાબી સર્જાઇ હતી. જેમાં રાહત પેકેજની વહેચણીમાં થયેલા કૌભાંડોના હાડપિંજર હજી પણ મળી રહ્યા છે. ત્યારે પૂર ટાણે ૩૨ પશુઓના મરણના ખોટા પ્રમાણપત્ર આપવા બદલ ભુજ એ.સી.બી.ની તપાસમાં દોષિત જણાતા પાલનપુર સ્થિત પશુચિકિત્સક કચેરીના અધિકારીની ધરપકડ થતા ચકચાર મચી જવા પામી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં આકાશી આફતે ભારે તારાજી સર્જી હતી. જેમાં થરાદ, વાવ, ધાનેરા, દિયોદર, ભાભર સહિતના વિસ્તારોમા ભારે નુકશાન થયું હતું. ખેતરો અને ખેતીના પાક ધોવાઈ ગયા હતા. માનવ મૃત્યુની સાથે અસંખ્ય પશુઓ પણ તણાઈ ગયા હતા. ભારે ખુવારી બાદ રાજ્ય સરકાર દ્વારા વિશેષ રાહત પેકેજ આપવામાં આવ્યું હતુ.

જોકે, રાહત સહાય ચૂકવણી દરમિયાન કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. જેમાં થરાદ તાલુકાના ભડવેલ ગામમાં સાચા અસરગ્રસ્તોને સહાય ન મળતાં ગ્રામજનોએ ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ ભૂજ એસીબી ચલાવી રહી છે. અગાઉ આ કેસમાં તત્કાલિન ટીડીઓ સહિતના અધિકારીઓની અટકાયત કરવામાં આવી ચુકી છે.

દરમિયાન ભુજ એ.સી.બી.ની તપાસમાં પશુઓના મરણના ખોટા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હોવાનું ખુલતા જિલ્લા મથક પાલનપુર સ્થિત પશુચિકિત્સા કચેરીના અધિકારીની પણ ધરપકડ કરવામાં આવી છે. આ અંગે એસીબીના સૂત્રોએ જણાવ્યું હતુ કે, થરાદ તાલુકાના સણધર ગામના રહીશ અને પાલનપુર ખાતે પશુ ચિકિત્સાની કચેરીમાં વર્ગ-૨ના અધિકારી ગજાભાઇ વનાભાઇ પટેલે પુરમાં પશુઓ મૃત્યુ પામ્યા ન હોવા છતાં ૩૨ પશુઓ મૃત્યુ પામ્યા હોવાના ખોટા પ્રમાણપત્રો આપ્યા હતા. જેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બાર કાઉન્સીલની ચૂંટણીને લઈને ભારે ઉત્સુકતા

## વકીલ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભરવા માટેની છેલ્લી ૧૫મી ફેબ્રુઆરી : ૩૦ માર્ચથી મતગણતરી હાથ ધરાશે

અમદાવાદ,તા. ૨૪

ગુજરાત બાર કાઉન્સીલની અતિ મહત્વની અને પ્રતિષ્ઠાભરી ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે, જે મુજબ, આગામી તા.૨૮મી માર્ચે ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણી યોજાશે. જેમાં રાજયના ૫૦ હજાર વકીલો પ્રેફરેન્શીયલ પધ્ધતિથી મતદાન કરશે અને બાર કાઉન્સીલના ૨૫ ઉમેદવારોને ચૂંટી કાઢશે. બાર કાઉન્સીલની પ્રતિષ્ઠિત ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ રાજયભરના વકીલઆલમમાં ભારે ઉત્સાહની લાગણી ફેલાઈ ગઈ છે. તો ચૂંટણીમાં ઝંપલાવવા ઈચ્છતા વકીલ ઉમેદવારોએ હવે તેમના પ્રચાર-પ્રસારની કાર્યવાહી તેજ બનાવી છે. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીનું મતદાન તા.૨૮મી માર્ચે પૂર્ણ થયા બાદ તેની મતગણતરી તા.૩૦મી માર્ચથી હાથ ધરવામાં આવશે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતના વકીલઆલમની માતૃસંસ્થા ગુજરાત બાર કાઉન્સીલની પ્રતિષ્ઠાભરી ચૂંટણી તા.૨૮મી માર્ચના રોજ યોજવા અંગેનું જાહેરનામું ચૂંટણી કમિશનર અને જોઈન્ટ ચૂંટણી કમિશનર દ્વારા જારી કરાયું હતું. ૨૮મી માર્ચની બાર કાઉન્સીલની ચૂંટણીને લઈ સમગ્ર રાજયમાં આશરે ૧૩૭ જેટલા મતદાનમથકો ઉભા કરવામાં આવશે. જે બાર એસોસીએશનમાં ૪૦ કરતાં વધુ વકીલો સભ્યપદ ધરાવતા હશે, તેવા તમામ બાર એસોસીએશનને મતદાન બુથ જાહેર કરવામાં આવ્યા છે. આમ કરી, રાજયના તમામ વકીલોને સરળતા રહે તેવી વ્યવસ્થા કરાઈ છે. ગુજરાત બાર કાઉન્સીલની આ ચૂંટણીમાં રાજયના ૫૦ હજાર જેટલા વકીલો પ્રેફરેન્સીયલ પધ્ધતિથી મતદાન કરી ૨૫ ઉમેદવારોને ચૂંટી કાઢશે, જેમાંથી ૧૩ ચૂંટાયેલા ઉમેદવારો ૧૦ વર્ષ કરતાં વધુ વર્ષની લાયકાત ધરાવતા હશે. બાર કાઉન્સીલની મહત્વની ચૂંટણીની મતગણતરી ખાસ પ્રકારે ગુજરાત યુનિવર્સિટીના મેથેમેટીશીયન ડિપાર્ટમેન્ટના પ્રાધ્યાપકો દ્વારા હાથ ધરાશે.



**અખિલ ભારતીય સુરક્ષા મહાસંઘની અખિલ ભારતીય ગૌરક્ષા મહાસંઘની બેઠક યોજાઈ**

અખિલ ભારતીય ગૌરક્ષાના સંઘની બેઠક પાલનપુરના કમાલપુરના બાબા રામદેવપીરના મંદિર ખાતે યોજાઇ હતી.જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અખિલ ભારતીય ગૌરક્ષાના સંઘના અધ્યક્ષ મુકેશભાઈ જોષીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મુખ્ય મહેમાન તરીકે અનિલભાઈ ચક્રવર્તી ,રીનાબેન પરમાર ,ઈન્દીરાબેન જોષી તથા સવિતાબેન હરિયાણી ઉપસ્થિત રહ્યા હતા. અખિલ ભારતીય ગૌરક્ષા મહાસંઘના જિલ્લાના વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે સવિતાબેન હરિયાણા હરિયાણીની તથા ઉપપ્રમુખ તરીકે થરાદના હાજાજી રાજપૂતની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.હીનાબેન પરમાર દ્વારા હાજાજી રાજપૂતને ઉપપ્રમુખનું કાર્ડ એનાયત કરવામાં આવ્યું હતું.

# થરાદના રાહ પાસે ઘવાયેલા યુવકનું સારવારના ૧૦ મિનીટ બાદ મોત

## આગળ પાછળ બંન્ને બાજુ વાહનો વચ્ચેથી નિકળવા જતાં અક્માસવત સર્જાયાનું ચર્ચાસ્પદ

બનાવની મળેલી વિગતો મુજબ મંગળવારની બપોરના ત્રણેક વાગ્યાના સુમારે થરાદના રાહ ગામથી મોબાઈલ રીપેર કરાવીને ભરતભાઈ ઝવેરભાઈ ઠાકોર ઉ.વ.૨૦ વર્ષ તેમજ પિતરાઈ અરવિંદભાઈ શંકરભાઈ ઠાકોર સાથે ઘર (બેવટા) તરફ જઈ રહ્યા હતા.દરમિયાન સામેની આવતી ટ્રક અને અન્ય વાહન વચ્ચેથી પસાર થવાના કારણે બાઈક ચાલક ભરતભાઈને ગંભીર ઈજાઓ થવા પામી હતી.બનાવની જાણ કરાતાં દોડેલા થરાદ ૧૦૮ના પાયલોટ અરવિંદસિંહ અને ઈએમટી હિના સિપાઈએ ખેંગારપુરા સુધી અતિ ગંભીર હાલત ખાનગી વાહનમાં લવાયેલા ભરતભાઈની પ્રાથમિક સારવાર સાથે શહેરની સરકારી હોસ્પીટલમાં લઈ આવ્યા હતા.જોકે સારવારની દસેક મિનીટ બાદ ભરતભાઈનું કરૂણ મૃત્યુ નિપજવા પામ્યું હતું.જ્યારે સાથે રહેલ અરવિંદભાઈને ઈજાઓ થવા પામી હતી.બનાવની પોલીસને જાણ કરાતાં પોલીસે પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.બનાવને લઈને અરેરાટી મચવા પામી હતી.જ્યારે આગળ પાછળ બંન્ને બાજુ વાહનો આવી જતાં વચ્ચેથી નિકળવા જતાં અક્મોરત સર્જાયાનું ચર્ચાસ્પદ બન્યું હતું.



**થરાદમાં ડમ્પરમાં આગ લાગી જાન હાની ટળી**

થરાદ રેફરલ હોસ્પિટલ પાસે ડમ્પર ની બેટરી ફાટવા ના કારણે એકાએક આગ લાગી અચાનક ગાડી ના એન્જીન ના ભાગે આગ લાગતા એન્જીન અને વાયરીગ બળીને ખાખ થઈ ગઈ હતી આ બાબતની ફાયર બ્રિગેડ ને જાણ કરતા થરાદ નગરપાલિકા ફાયરફાઈટર દવારા પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લેવાઈ હતી. પોલીસને જાણ કરતા થરાદ પી.આઈ.અને પોલીસ સટાફ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા

# અમદાવાદમાં ૨૭મીએ વિન્ટેજ કાર શૉ યોજાશે

અમદાવાદ, તા. ૨૪

દાયકાઓ જૂની અવનવી મોટરકાર અમદાવાદના રસ્તાઓ પર ઉતારવામાં આવશે. અમદાવાદમાં જીવીસીસીસીના ચોથા વિન્ટેજ કાર એક્સપોઝીસનમાં દાયકાઓ જૂની ૬૦ જેટલી કાર અને ૨૬ ક્લાસિક મોટર સાઈકલો જોવા મળશે. ઓટોમોબાઈલના પ્રમીઓએ પણ અત્યાર સુધીમાં ન જોઈ હોય તેવી મોટરકાર અને મોટર સાઈકલ જોવા મળશે.

અમદાવાદ શહેરના યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હોવાથી દરેક અમદાવાદીઓને બેહદ ખુશી થઈ છે તેમાં શંકાને સ્થાન જ નથી. આપણા અમદાવાદમાં અમે જીવીસીસીસી-ગુજરાત વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબના સભ્યો ૨૦૧૨ની સાલથી વિન્ટેજ કારની રેલી યોજતા આવ્યા છીએ.

અમદાવાદ હેરિટેજ કારના ચોથા શોનું આયોજન આકાશ પાર્ટીપ્લોટમાં હાઉસ ઓફ અમન દ્વારા કરવામાં આવ્યુ છે. જીવીસીસીએ તેના રોડ શૉના માધ્યમથી જૂની કારના પૈડાનો ખડખડાટ અને મશીનોનો ઘરઘરાટ અમદાવાદના રસ્તાઓ પર ફરી એકવાર ગુંજતો અને ગાજતો કરી દીધો છે. વીતેલા વર્ષોની આ મોટરકારની ડિઝાઈન અને તેની રચના તેના ટાયરો રસ્તા સાથેના તાલમેલમાં કેવી રીતે આગળ વધતા હતા તેનો અંદાજ આપે છે. આ શૉમાં આવનારાઓ માટે ૬૦ વિન્ટેજ કાર અને ૨૬ ક્લાસિક મોટરસાઈકલને ડિસ્પ્લે કરવામાં આવશે.

વિન્ટેજ કારનું કોઈ મોટામાં મોટુ મ્યુઝિયમ હોય તો તે અમદાવાદમાં જ છે. ઓટો વર્લ્ડ દાસ્તાના ફાર્મ તરીકે આ મ્યુઝિયમ જાણીતુ છે. પ્રાણલાલ ભોગીલાલ પટેલે વિન્ટેજ કારનું કલેક્શન કરવાના ક્ષેત્રમાં પાયાની કામગીરી કરેલી છે. દાસ્તાન ફાર્માના માલિકો પણ તેમની પાસેની અનેક વિન્ટેજ કારમાંથી ૪ ભવ્ય વિન્ટેજ કાર આ શૉ માં પ્રદર્શન માટે મુકવાના છે.

# રામપુરા-આમોદા ખાતે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા-



આમોદા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો. જેમાં રામપુરા-આમોદા ગામ સહિત આજુબાજુમાં રહેતાં લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના રામપુરા-આમોદા ખાતે આવેલ શ્રી સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં નિષ્ણાત તજજ્ઞો દ્વારા કેમ્પમાં સેવાઓ આપી રામપુરા-આમોદા ગામ સહિત આજુબાજુમાં રહેતાં ગોમામાથી કુલ- ૮૧૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૪૮૫ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૧૦૫ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે જયારે સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા તેમણી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુરના રામનગર આંગણવાડી કેન્દ્રમાં સાપ નીકળતા અફરાતફરી

પાલનપુર, તા. ૨૪

પાલનપુર શહેરના રામનગર આંગણવાડી કેન્દ્રમાંથી ગતરોજ સાપ નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સાપને પકડી લેવાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ સાપના રાફડા પાસે બનેલા કેન્દ્રમાં છાસવારે સાપ નીકળતો હોઈ ભૂલકાઓ અને વાલીઓ ચિંતાતુર બન્યા છે.



પાલનપુરના રામજીનગર આંગણવાડી કેન્દ્રમાં ગતરોજ સાપ નીકળતા કેન્દ્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, સાપ પકડવાના નિષ્ણાત યુવક દ્વારા સાપને પકડી લેવાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ અચાનક સાપે દેખા દેતા આંગણવાડી કેન્દ્રના સંચાલિકા અને ભૂલકાઓ સહિત સ્થાનિક રહીશોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી હતી. જોકે, સાપ પકડાઈ જતા દુર્ઘટના ટળી હતી.

ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોના જણાવ્યા મુજબ, સાપના રાફડા પાસે જ આંગણવાડી કેન્દ્ર બનાવ્યું છે. જેથી અવાર-નવાર અહીં સાપ નીકળે છે. જેથી આંગણવાડી કેન્દ્રમાં આવતા ભૂલકાઓની સલામતીને લઈને તેમના વાલીઓ સદાય ભયભીત રહે છે.

જેથી આંગણવાડી કેન્દ્રમાં ભૂલકાંઓની સંખ્યા પણ નહિવત રહેતી હોઈ માત્ર કાગળ પર કેન્દ્ર ચાલતું હોવાની બૂમરાણ મચી છે. આ અંગે આંગણવાડી સુપરવાઈઝર અને સી.ડી.પી.ઓ સહિતના અધિકારીઓ જાણતાં હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા હોવાની રાવ વચ્ચે ભુલકાંઓ સાથે કોઈ અનહોની બને તે પૂર્વે તંત્ર પગલાં ભરે તેવી માંગ સ્થાનિક રહીશો કરી રહ્યા છે.

# ધનસુરા ચાર રસ્તા આગળ ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બન્યો છે

ધનસુરા, તા. ૨૪

ધનસુરા ચાર રસ્તા આગળ દિન પ્રતિદિન ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. ટ્રાફિક પોલીસ ફરજ દરમ્યાન ચાર રસ્તા છોડી માલપુર ચોકડી કે અન્ય સ્થળે હપ્તા ઉઘરાવા જતી હોવાની ચર્ચા થઈ રહી છે. ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા આ ચાર રસ્તા આગળ સવારથી રાત સુધી ટ્રાફિક નિયમન જળવાતુ નથી. પરપ્રાંતના લોડીંગ ટ્રકોની વણઝાર લાગે છે, અકસ્માતો સર્જાય છે. સવાર સાંજ શૈક્ષણિક સંસ્થાઓની હજારો વિદ્યાર્થીઓ આ ચાર રસ્તા ક્રોસ કરી જાય છે. સિનિયર સિટિઝન્સ પણ મુશ્કેલી અનુભવે છે. ધનસુરા પોલીસ સ્ટેશને એકવાર મૌખિક અને લેખિત રજુઆત કરવા છતાં પ્રશ્ન હલ થતો નથી. હોમગાર્ડઝ અને પોલીસની નિમણુંક માત્ર હપ્તા ઉઘરાવવા પુરતી હોય તેવુ લાગે છે.

# ધનસુરામાં ગટર યોજના ક્યારે શરૂ ક્યારે શરૂ થશે

ધનસુરામાં વર્ષો પહેલા કરોડો રૂપિયા ખર્ચ કરેલ ગટર યોજનાનુ કામ વ્યવસ્થિત ન થતા હજુ સુધી ગામમાં ગટરો ચાલુ થઈ નથી. કરોડો રૂપિયા ખર્ચ કરી ગટરો બનાવી છતાં પરિણામ આવ્યુ નહિ. બાયડમાં ગટરોની વીજીલન્સ દ્વારા તપાસ શરૂ થઈ છે. ત્યારે ધનસુરામાં પણ ગટરોનો આજ કોન્ટ્રાક્ટર હોવાનું જાણવા મળે છે. ત્યારે ધનસુરામાં પણ વીજીલન્સ દ્વારા ગટરોની તટસ્થ તપાસ થાય તેમ પ્રજા ઈચ્છે છે. કરોડોની આ યોજના આજે ખોરંભે પડી છે. પંચાયત દ્વારા તટસ્થ તપાસ માંગવાની જરૂર છે.

## ૧૦ માર્કનું ગ્રેસીંગ... ● ત્રીજા પાનાનું ચાલુ

જો કે, વકીલો તરફથી વારંવાર મળતી રજૂઆત અને તેઓની લાગણી અંગે ગુજરાત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અનિલ સી.કેલ્લાએ જણાવ્યું હતું કે, વકીલ ઉમેદવારો જેઓ વકીલાતના વ્યવસાયમાં પોતાની કારકિર્દી બનાવવા માંગે છે, તેઓ માટે આ પરીક્ષા બહુ મહ્ત્વની છે પરંતુ હજુ કેટલીક વિસંગતતાઓ પરીક્ષાના સમગ્ર ફોર્મેટમાં છે. કારણ કે, એક તો, ઓલ ઈન્ડિયા લેવલની આટલી મહત્વની પરીક્ષાનું કોઈપણ પ્રકારનું મટીરીયલ્સ કે પુસ્તકો વકીલોને આપવામાં આવતા નથી, તેની સામે તેઓની પાસેથી રૂ.૩૫૬૦ જેટલી માતબર પ રીક્ષા ફી વસૂલ કરાય છે. બીજું કે, આ એક્ઝામમાં ઘણીવાર જે પ્રશ્નો પૂછાય છે, તે અતાર્કિક અને અભ્યાસ બહારના હોય છે. કયારેક તો વળી, વિદેશના ચુકાદાઓ અને હકીકતોને લગતી વાત પૂછવામાં આવતી હોય છે, જેના લીધે વકીલ ઉમેદવારો પરીક્ષામાં તૈયારી કરી હોવાછતાં ચૂક કરી જાય છે.

ઓલ ઈન્ડિયા લેવલની એક્ઝામ અમલી બની ત્યારે શરૂઆતના વર્ષોમાં તો પરિણામ ઘણું નીચુ રહેતું હતુ, જે ધીરે ધીરે ક્રમશઃ ઉંચુ આવતું જાય છે પરંતુ હજુ ત્રીસેક ટકા વકીલો આ પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ રહી જાય છે. જેથી તેઓની વકીલાતની ખેવના અધૂરી રહે છે. આ સંજોગોમાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ઓલ ઈન્ડિયા લેવલની એક્ઝામમાં વકીલ ઉમેદવારોને ગ્રેસીંગના વધારાના દસ માર્કસ આપી તેઓને પાસ કરવાની એક નવતર પહેલ કરવી જોઈએ કે જેથી વકીલ ઉમેદવારોને પ્રોત્સાહન મળે. આ માટે મેં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને એક પત્ર પાઠવી ગુજરાતના વકીલ ઉમેદવારોની હિતમાં યોગ્ય માંગણી કરી છે.

## ભારે ઉચાટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. પદ્માવત ફિલ્મ સામેના વિરોધમાં ભારત બંધની હાકલ પણ આવતીકાલે કરવામાં આવી છે. આ બંધમાં કેટલાક સંગઠનો પણ જોડાઈ ગયા છે. જેના પરિણામ સ્વરુપે જનજીવન ઉપર માઠી અસર થાય તેવી શક્યતા છે. વાહન વ્યવહાર બંધ રહી શકે છે. ખાનગી બસ સેવા પણ બંધ રહી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારે ચર્ચા જગાવી રહેલી વિવાદાસ્પદ ફિલ્મ પદ્માવતની રજૂઆતને લઈને સુપ્રીમ કોર્ટે મંજુરી આપી હોવા છતાં હજુ પણ સંકટના વાદળો ઘેરાયેલા છે. કારણ કે, રાજપૂત કરણી સેના અને અન્ય રાજપૂત સંસ્થાઓએ આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. રાજપુત કરણી સેનાના અધ્યક્ષ લોકેન્દ્રસિંહ કાલવીએ પદ્માવત ફિલ્મ નિહાળવાનો હવે ઈન્કાર કરી દીધો છે. સોમવારના દિવસે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સાથે વાતચીત કર્યા બાદ કાલવીએ કહ્યુ હતુ કે તેઓ પદ્માવત ફિલ્મ નિહાળવા માટે તૈયાર છે. પરંતુ સંજય લીલા ભણશાળીએ ફિલ્મ દર્શાવવા માટે તારીખ દર્શાવી નથી. પરંતુ મોડેથી કાલવીએ તેમનુ નિવેદન બદલી નાંખ્યુ હતુ અને કહ્યુ હતુ કે તેઓ ફિલ્મ નિહાળનાર નથી. કાલવીએ એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે ભણશાળી ગ્રુપ તરફથી પત્ર આવ્યો હતો પરંતુ તે વિશ્વાસઘાત સમાન હતો. તે ઈચ્છતા હતા કે અમે ફિલ્મ નિહાળવા માટે ઈન્કાર કરીએ. તેઓ આજે પોરબંદર પહોંચી રહ્યા છે.

સેન્સર બોર્ડે પણ માત્ર ત્રણ લોકોને ફિલ્મ દર્શાવી હતી.કાલવીએ કહ્યુ હતુ કે રાજ્ય સરકારો આ ફિલ્મની રજૂઆતને લઈને વધારે ચિંતાતુર છે. તેમનુ કહેવુ છે કે ફિલ્મ રજૂ થવાની સ્થિતીમાં રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ભાંગી પડશે. ગુજરાતમાં મલ્ટીપ્લેક્સ વાળા ફિલ્મ દર્શાવવાનો ઈન્કાર કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ ઈચ્છે છે કે જનતાની ભાવનાને લઈને તમામ લોકો નિર્ણય કરે. સિનેમાહોલવાળા આ ફિલ્મને દર્શાવવા માટે ઈન્કાર કરે તેમ અમે ઈચ્છીએ છીએ.

## ૫ વર્ષની સજા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘાસચારા કોંભાડ સાથે સંબંધિત આ ત્રીજો કેસ છે. આ મામલામાં બિહારના પૂર્વ મુખ્યપ્રધાન જગન્નાથ મિશ્રાને પણ દોષિત જાહેર કરવામાં આવ્યા છે. ચાઈબાસા ઉચાપતના કેસમાં કોર્ટે ૫૬ આરોપીઓ પૈકી ૫૦ને દોષિત જાહેર કર્યા છે. ઘાસચારા કૌભાંડના મામલાઓ પૈકીના એક એવા દેવઘર તિજોરીમાંથી ઉચાપત સંબંધિત મામલામાં સીબીઆઈની ખાસ અદાલતે આરજેડી વડા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને છઠ્ઠી જાન્યુઆરીના દિવસે સાડા ત્રણ વર્ષની જેલની સજા આજે ફટકારી હતી. ત્યારબાદથી લાલુ યાદવ રાંચીની બિરસા મુન્ડા જેલમાં છે. એ વખતે કોર્ટે લાલૂ ઉપર પાંચ લાખ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો.લાલૂને જામીન પણ આપવામાં આવ્યા ન હતા. દેવઘર તિજોરીમાં ગેરકાયદેરીતે ૮૯.૨૭ લાખ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત મામલામાં આ ચુકાદો આપવામાં આવ્યો હતો. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે લાલૂ સહિત ૧૬ દોષિતોએ રાંચીની બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને આ ચુકાદો સાંભળ્યો હતો. દોષિત ઠેરવવામાં આવેલા ફુલચંદ્ર, મહેશ પ્રસાદ, બી જુલિયસ, રાજારામ, રાજેન્દ્ર પ્રસાદ, સુનિલકુમાર, સુધીર કુમાર અને સુશીલ કુમારને સાડા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ચુકાદો ત્રીજી જાન્યુઆરીના દિવસે આવવાનો હતો પરંતુ તારીખ એક એક દિવસ ટળી રહી હતી પરંતુ આજે આખરે સજા કરવામાં આવી હતી.

## નહિ જોડાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તોડફોડની ઘટનામાં કરણી સેનાનો હાથ નહી હોવાનો વાહિયાત બચાવ રાજ શેખાવતે કર્યો હતો કારણ કે, ખુદ પોલીસની તપાસમાં જ કરણી સેનાના આ કાવતરાનો પર્દાફાશ થયો છે. રાજ શેખાવતે દાવો કર્યો હતો કે, તેઓ જાહેરજનતાની તકલીફો કે હિંસાના જોરે ફિલ્મનો વિરોધ કરવામાં નથી માનતા.

ગુજરાતના થિયેટરમાલિકોએ પદ્માવત ફિલ્મ નહી દર્શાવવાનો જે નિર્ણય કર્યો છે, તેનો અમે આભાર માનીએ છીએ. રાજયના ડીજીપી પ્રમોદકુમારે જણાવ્યું હતું કે, અમદાવાદ સહિત રાજયભરમાં પદ્માવત ફિલ્મના વિરોધને લઈ કોઈ અનિચ્છનીય બનાવો ના બને તે માટે વધારાની એસઆરપી કંપની, આરએએફ, દસ હજારથી વધુ હોમગાર્ડ જવાનો સહિતના સુરક્ષા કાફલામાં નોંધનીય વધારો કરવામાં આવ્યો છે. તો સાથે સાથે ૯૦૦ જેટલા વધારાના વાહનો પેટ્રોલીંગ અને વીડિયોગ્રાફી માટે પણ તૈનાત કરવામાં આવ્યા છે. સરકાર અને પોલીસતંત્ર તમામ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.

## ડિટેઈન કરાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરટીઓ સત્તાવાળાઓને દોડતી ખાનગી જીપો નડતી નથી અને દેખાતી પણ નથી. પરંતુ મનપા દ્વારા સારૂ સંચાલન થઈ રહેલી બસને ડિટેઈન કરવા માટે સમય મળ્યો જેવી વાતો આ રૂટના મુસાફરો દ્વારા થતી ચર્ચામાં સાંભળવા મળી હતી.

મળતી વિગતો પ્રમાણે બસ ડિટેઈન કરાયાના સમાચાર મનપાની કચેરીએ પહોંચતાં જ મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ બસ સંચાલન એજન્સીના વડા સચિવાલયમાં વાહન-વ્યવહારમંત્રીને રજુઆત કરવા ગયા હતા પરંતુ રાજયમંત્રી મંડળની બેઠક હોવાથી મુલાકાત થઈ શકી ન હતી.

મનપા દ્વારા ચાર રૂટોની અગાઉ મંજૂરી માંગવામાં આવી છે તેમાં ઈન્દિરાબ્રીજ સુધી, વૈષ્ણવદેવી સર્કલ સુધી, ચાંદખેડા સુધી બસ સંચાલન કરવા દેવાની બાબતનો સમાવેશ થાય છે. એસ.ટી. નિગમ અને આરટીઓ તંત્ર દ્વારા આ અંગેના 'ના વાધાં પ્રમાણપત્ર' આપવામાં આડોડાઈ કરવામાં આવી રહી છે અને મનપાની બસ સેવાઓ વધુ એક વિવાદમાં અટવાઈ જવા પામી છે.

## ઠંડુગાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગમે ત્યારે બદલાય છે. ઉતરાયણ બાદ વાતાવરણમાં અચાનક જ નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. ઉતરાયણના દિવસોમાં વાતાવરણમાં ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. મહત્તમ તાપમાન પણ ઉંચુ જતા નગરજનોએ અકળાવતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે છેલ્લા એક સપ્તાહથી મોસમના મિજાજમાં સતત બદલાવ અનુભવતા નગરજનો બે દિવસ અગાઉ બેવડી ઋતુથી પ્રભાવિત થયા હતા. જયારે આજે એક જ રાતમાં લઘુત્તમ તાપમાનનો પારો ૪ ડી ગ્રી ગગડતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા.

લઘુત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ચાર ડી ગ્રી નીચુ ગયુ હતુ. ન્યુન્નતમ તાપમાન ૯.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. જેના લીધે નગરજનોએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો. મહત્તમ તાપમાન ૨૭.૨ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત નોંધાયો હતો. જો કે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે મોટો તફાવત રહેતા નગરજનોએ બેચેની અનુભવી હતી. ગત મહીના દરમિયાન સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીનો અનુભવ નગરજનોએ કર્યા હતો. લઘુત્તમ તાપમાન ૮ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે ફરી એકવાર કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે.

## કોન્ફરન્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પારદર્શક બનાવવા માટે લેવાયેલા પગલાંઓ, નવા બનેલા તાલુકાઓમાં તાલુકા પંચાયતના નવા મકાનની બાંધકામની બાબતો, જુના અને જર્જરીત પંચાયતના મકાનો અને કચેરીઓ માટે નાણાંકીય સહાય સહિતના મુદ્દાઓ પર ચર્ચાઓ થશે.

આ બેઠકમાં રાજયમંત્રી ઉપરાંત પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વિકાસ કમિશનર તેમજ તેમની કચેરીના અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. રાજ્યમાં ઈ.ગ્રામ પંચાયતના અમલીકરણ અને પ્રશ્નો વિશે પણ તેમાં ચર્ચાઓ થશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતોની વેબસાઈટોને લઈ પણ ચર્ચા થવાની શક્યતા રહેલી છે.

રાજ્યમાં નવી રચાયેલ સરકાર પછી જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે આની સમીક્ષા બેઠક પ્રથમવાર રાજયમંત્રીના અધ્યક્ષપદે યોજાઈ રહી છે. આ બેઠકમાં ભરતી માટેના આયોજન અંગે તેમજ તેના તૈયાર કરાયેલ કેલેન્ડર મુજબ નવી ભરતીની પ્રક્રિયા સંદર્ભે સરકાર કોઈ વિશેષ નિર્દેશ કરે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.